દાખલ તારીખ : ૦૫/૧૨/૨૦૨૦
રજી. તારીખ : ૦૫/૧૨/૨૦૨૦
ફેંસલ તારીખ : ૧૩/૦૪/૨૦૨૬
સમય:વર્ષ–૦૫, માસ–૦૪, દિવસ–૦૮

**આંક : ______**

**ફોર્મ–એ**

**જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**
સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

જજમેન્ટ તારીખ : ૧૩/૦૪/૨૦૨૬
**ફોજદારી કેસ નંબર : ૩૩૭/૨૦૨૦**

એફ.આઈ.આર.નં.પાર્ટ–એ ૦૦૧૦/૨૦૨૦
પોલીસ સ્ટેશન : રેન્જ સાયબર, જુનાગઢ

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | એસ. એચ. પરમાર | |
| આરોપી પક્ષ | ૧) | મુકેશભાઈ લાલજીભાઈ ધામેચા, ઉ.વ.૬૨, રહે.૧૫૦ ફુટ રીંગ રોડ, રોઝરી સ્કુલ પાસે, સોમનાથ સોસાયટી–૧, શેરી નં.૨, રાજકોટ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | જે.આર.જોષી | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૩/૦૯/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૧૧/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | ૩૦/૧૧/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૦૧/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સ મયગાળો ફો.કા.સંહિતા ની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુકેશભાઈ લાલજીભાઈ ધામેચા | ૨૯/૯/૨૦ | ૨૨/૧૧/૨૨ | ઈ.પી.કો. કલમ–૫૦૦, ૫૦૯ ૨૦૧ તથા આઈ ટી એકટની કલમ–૬૬(સી) મુજબ. | નિર્દોષ | – | – |

## ફોર્મ–સી

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીની યાદી.

અ. ફરીયાદ પક્ષ.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | પંચ સાહેદ ભીમાભાઈ મંગાભાઈ પાંચાલની જુબાની |
| ૨ | ૧૦ | પંચ સાહેદ રાકેશભાઈ રાજાભાઈ પરમારની જુબાની |
| ૩ | ૨૦ | ફરીયાદી દીવ્યાબેન વલ્લભભાઈ પીઠડીયાની જુબાની |
| ૪ | ૩૪ | પંચ સાહેદ ઘનશ્યામભાઈ પ્રભુદાસભાઈ ઝાંઝમેરીયાની જુબાની |
| ૫ | ૪૩ | ત.ક.અ.દીવ્યરાજસિંહ જોરૂભા ઝાલાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

અ. ફરીયાદ પક્ષ.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | અટક પંચનામું |
| ૨ | ૨૧ | ફરીયાદની અરજી |
| ૩ | ૨૨ | ફરીયાદ |
| ૪ | ૩૫ | મુદામાલ કબજે કર્યાનુ પંચનામું |
| ૫ | ૪૪ | ડેપ્યુટ હુકમ |
| ૬ | ૪૫ | મોબાઈલના કોલ ડીટેઈલ |
| ૭ | ૪૬ | એવી.એકટ મુજબનુ સર્ટીફીકેટ |
| ૮ | ૪૭ | રવાનગી પત્ર |
| ૯ | ૪૮ | એફ.એસ.એલ.અભિપ્રાય |
| ૧૦ | ૪૯–૫૦ | મોબાઈલના ૬૫બી,૪સી મુજબના સર્ટીફીકેટ |

બ. બચાવ પક્ષ :
ક. ન્યાયાલય :
ડ. ભૌતિક વસ્તુઓ :

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ધલેન્દ્રસિંહ રામસેવક, રહે.જામનગરના નામનુ સીમ કાર્ડ નં.૯૫૧૨૦૨૩૧૯૯ મેળવી તેમાંથી ફરીયાદીનુ જેની સાથે વેવિશાળ થવાનુ હોય તેના પિતા સાહેદ જયેશભાઈ પ્રાણવલ્લભભાઈ મકવાણા, રહે.માણાવદરવાળાના મો.નં.૯૯૨૫૨૬૦૦૬૯ ઉપર પોતાનો કોઈ અંગત લાભ મેળવવા ફરીયાદીને બદનામ કરવાના તથા લાજ લેવાના ઈરાદે અંગ્રેજીમાં utsav...to. Pithaliya police constable se sadi krta nhi..who hmara mal he....(wo hm 3 no ki girl friend he...)bad me pchtana pdega... તેમ ખરાબ ભાષામાં લખીને ટેક્ષ મેસેજ કરી ઈ.પી.કો.કલમ-૫૦૦, ૫૦૯, ૨૦૧ તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(સી) મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત માણાવદર પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક-૫ થી તહોમતનામું ફરમાવી, આંક-૬ થી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ-સી મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(૪) ફરીયાદ પક્ષ તરફે ઉપર મુજબના પુરાવા રજુ થયા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધના પુરાવાની હકીકત ધ્યાને લઈ આરોપીનું ક્રિ.પ્રો.કોડની

કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપીએ તેઓની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે તેમજ પોતાના બચાવમાં સાહેદ તપાસવા તથા સોગંદ ઉપર પુરાવો આપવા પણ ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની વિરૂધ્ધ પુરાવો ન હોવા છતા તેમને આ કેસમાં સંડોવી દેવા ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે બન્ને પક્ષ તરફેની વિગતવાર દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધલેન્દ્રસિંહ રામસેવક, રહે.જામનગરના નામનુ સીમ કાર્ડ નં.૯૫૧૨૦૨૩૧૯૯ મેળવી તેમાંથી ફરીયાદીનુ જેની સાથે વેવિશાળ થવાનુ હોય તેના પિતા સાહેદ જયેશભાઈ પ્રાણવલ્લભ મકવાણા, રહે.માણાવદરવાળાના મો.નં.૯૯૨૫૨૬૦૦૬૯ ઉપર પોતાનો કોઈ અંગત લાભ મેળવવા ફરીયાદીને બદનામ કરવાના તથા લાજ લેવાના ઈરાદે અંગ્રેજીમાં utsav...to. Pithaliya police constable se sadi krta nhi..who hmara mal he....(wo hm 3 no ki girl friend he...)bad me pchtana pdega... તેમ ખરાબ ભાષામાં લખીને ટેક્ષ મેસેજ કરી ઈ.પી.કો.કલમ–૫૦૦, ૫૦૯, ૨૦૧ તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી) મુજબનો ગુન્હો કરેલ છે ?

૨ : શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

૧ : નકારમાં

૨ : આખરી હુકમ મુજબ.

## –:: નિર્ણય અંગેના કારણો ::–

**મુદ્દા નં.૧ :–**

(૮) આરોપીઓ વિરૂધ્ધના તહોમત અનુસંધાને ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા ધ્યાને લેવામાં આવે અને તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૭ થી તપાસેલ પંચ સાહેદ ભીમાભાઈ મંગાભાઈ પાંચાલ તથા આંક–૯ થી તપાસેલ પંચ સાહેદ રાકેશભાઈ રાજાભાઈ પરમાર અટક પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવી સદર પંચનામું આંક–૮ થી રજુ કરેલ છે અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ આરોપીની શરીરી સ્થિતિનુ પંચનામું કરી અટક કરેલ નહી હોવાનું જણાવે છે. સદર પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતો ને સમર્થન કરતા નથી. આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય અન્ય કોઈ હકીકત જાણતા ન હોવાનુ સ્વીકારેલ છે. આમ, આ કામે આંક–૮ થી રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે આ કામના મુળ ફરીયાદી દીવ્યાબેન વલ્લભભાઈ પીઠડીયા એ આંક–૨૦ થી એવો પુરાવો આપેલ છે કે, તા.૭/૮/૨૦૨૦ ના રોજ ક.૯/૧૯ વાગ્યે તેઓને તેમના જીજાજી ધ્વારા મેસેજ બતાવી બનાવ અંગે જાણ કરેલી ત્યારબાદ તેઓએ સદર મેસેજનો સ્ક્રીન શોટ તેઓના મોબાઈલમાં લઈ તેઓએ મો.નં.૯૫૧૨૦ ૨૩૧૯૯ ઉપર ફોન કરતા ફોન બંધ આવતો હોય, તેઓએ બીજા દીવસે સાઈબર ક્રાઈમ પો.સ્ટે. અરજી આપતા, સાઈબર ક્રાઈવે કોલ ડીટેઈલ કઢાવેલી અને તેઓની અરજીના આધારે તેઓને પોલીસે તેઓને નિવેદન આપવા માટે તા.૧૫/૯/૨૦૨૦ ના રોજ તેઓને નિવેદન આપવા બોલાવેલ જે નિવેદનમાં તેઓએ બનાવ હકીકત લખાવેલ જે અરજીમાં તેઓની સહી ઓળખી આંક–૨૧ થી રજુ કરેલ છે. વધુમાં આ અરજીના આધારે સાઈબર ક્રાઈમ ધ્વારા કોલ ડીટેલ કઢાવેલી તે સમયગાળા દરમ્યાન પણ આરોપીનો ફોન સ્વીચ ઓફ આવતો હતો અને ત્યારબાદ કોલ ડીટેલમાં મો.નં.૯૫૧૨૦૨૩૧૯૯ કોઈ અન્ય ઈસમના નામે હતુ કે જે ધાલેન્દ્રસિંહ રામસેવક, રહે.જામનગરવાળાના નામે હતુ ત્યારબાદ ક્રાઈમબ્રાંચ ધ્વારા તપાસ કરતા સદર સીમકાર્ડવાળો નંબર આરોપીના પત્ની પુષ્પાગૌરી મુકેશભાઈના નામે હતો જે સીમકાર્ડવાળો મોબાઈલ આરોપી વાપરતા હતા જેનો મો.

નં.૯૯૭૪૬૦૮૩૨૧ નો હતો, આ તપાસના આધારે સાઈબર ક્રાઈમ ધ્વારા સમન્સ કરીને સદર ઈસમોને બોલાવેલા અને ત્યારબાદ તા.૨૩/૯/૨૦૨૦ ના રોજ ક.૧૨/૩૫ વાગ્યે ગુના રજી.નં.૧૧૮૩૨૦૦૧૨૦૦૦૧૦/૨૦૨૦ ધ્વારા ફરીયાદ દાખલ કરેલી અને સદર ફરીયાદના આધારે તેઓને નિવેદન માટે બોલાવેલા તથા તેઓને બદનામ કરવા માટે જે મેસેજ કરેલ હતો તે મેસેજમાં અંગ્રેજીમાં એવુ લખેલ હતુ કે ''utsav tum police constebal se sadi karta nahi wo hamara maal he wo hum tino ki girlfrind he bad me pachtana padega'' આરોપીએ તેઓને બદનામ કરી ચારીત્રહીન બતાવવા માટે મેસેજ કરેલ હોય, આરોપી વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલ તેમ જણાવી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી આંક–૨૨ થી રજુ કરી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે તથા આરોપી સાથે તેઓને કોઈ અંગત દુશ્મનાવટ નથી પરંતુ આરોપીએ તેમને ખોટી રીતે બદનામ કરવા માટે આવો મેસેજ કરેલ.

વધુમાં આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સમયે તેમનો મોબાઈલ નંબર : 99253 36445, 87802 34065 જયારે બનાવ સમયે પોલીસ સ્ટેશને આ માહીતી આપવા ગયેલી ત્યારે તેઓએ આખો મેસેજ જોયેલો, પોલીસ સ્ટેશનમાં તેઓ જાણ કરવા ગયેલ ત્યારે તેઓએ મેસેજ જોયેલો, આ સમગ્ર મેસેજમાં દિવ્યાબેન એટલે કે તેમનુ નામ લખેલું નથી, સાહેદ સ્વેછાએ જણાવે છે કે આ મેસેજ મોકલનારને તેઓ પોલીસ ડીપાર્ટમેન્ટમાં છે એ વાતની જાણ હતી અને તેણે મેસેજમાં પોલીસ કોન્સટેબલ તરીકે વર્ણન કરેલ છે. સવાલ :– તમેં તા. ૭/૮/૨૦૨૦ના રોજ બનેલા બનાવની ફરીયાદ તા. ૨૩/૦૯/૨૦૨૦ ના રોજ ફરીયાદ કરેલ. જવાબ: તા. /૮/૨૦૨૦ના રોજ કલાક છ સાડા છ તેમના જીજાજી હાર્દીક કિશોરભાઈ ધામેચા, રહે. ઉપલેટાવાળાએ રૂબરૂ જુનાગઢ આવીને તેમને જાણ કરેલ કે આ જયેશભાઈના મોબાઈલમાં તારા વિશે આ મેસેજ આવેલ છે જે મેસેજનો સ્ક્રીનશોર્ટ તેઓએ તેમના મોબાઈલમાં લઈ લીધેલ છે અને તે મોબાઈલ પર ફોન કરતાં તે સ્વીચ ઓફ આવતો હતો. ડી.વાય.એસ.પી. ઓફીસ જુનાગઢમાં મહિલા પોલીસ સ્ટેશન જુનાગઢ ધ્વારા સીડીઆરનું ફોર્મ મોકલેલ અને બીજા દિવસે તા.૦૮/૦૮/૨૦૨૦ના

રોજ સાઈબર સેલમાં અરજી આપેલી અને તા.૧૫/૮/૨૦૨૦ના રોજ ફરી અરજી આપેલી આ અરજી ઉપરથી કોલ ડિટેઈલની તપાસ કરી અને કોલ ડિટેલમાં નંબર આવેલ તે નંબર 95120 23199 આ નંબર વિશે તપાસ કરી ફરીયાદ આપેલી. તેઓએ આ કેસ વિશે ઘણી વખત અભ્યાસ કરેલ છે, આ કેસનો તેઓએ વારંવાર અભ્યાસ કરેલ હોવા છતાં આ કેસના મોબાઈલ નંબરો અને તારીખો તેઓએ તેમના હાથમાં લખેલા છે તે જોઈને જુબાની આપે છે, તે આંક–૨૧ વાળી અરજી તેમને બતાવવામાં આવે છે જેમાં સાઈબર ક્રાઈમ ૧૨૧/૨૦૨૦ થી રજુ છે તે તેઓએ તા.૧૫/૯/૨૦૨૦ એ આપેલ છે, તેમને ફરીવાર ૧૨૧/૨૦૨૦ વાળી અરજી બતાવવામાં આવે છે તેમાં બીજી જગ્યાએ પણ તા. ૧ ૫/૯/૨૦૨૦ દર્શાવાયેલ છે, ફરિયાદની અંદર આ કહેવાતા બનાવની હકીકત અંગે સૌપ્રથમ અરજી તા. ૮/૮/૨૦ ના રોજ પોલીસ સ્ટેશનમાં આપેલી હોય તે વિગત જણાવેલી નથી સાહેદ સ્વેછાએ જણાવે છે કે, બનાવ બનતા જ તેઓએ બીજા દિવસે સાઈબર સેલમાં જ જોગ અરજી આપેલી ત્યારબાદ આ તેમની પ્રાથમીક અરજીના આધારે તપાસ કરવામાં આવેલી અને સીડીઆર કઢાવવામાં આવેલા ત્યારબાદ તેઓની પ્રાથમીક અરજીને જ નવી તારીખ મરાવી તેમની પાસે ફરીયાદ લેવામાં આવેલી, ૧૫/૯/૨૦૨૦ના રોજ તેમની પ્રાથમીક અરજી પર નવી તારીખ મરાવી ત્યારબાદ પાકી ફરીયાદ ૨૩/૯/૨૦૨૦ ના રોજ લેવામાં આવેલી એનું કારણ એવું છે કે ત્યાં સુધી સાયબરસેલવાળા તપાસ કરતા હતા, તેમની પ્રાથમીક અરજી તેમજ ૧૫/૯/૨૦૨૦ ની પાકી અરજીમાં પણ તેમના સસરાના મોબાઈલ માં શું મેસેજ આવેલો તે શબ્દસહ કોઈ વિગત જણાવેલ નથી કે સ્ક્રનશોર્ટ પણ રજુ કરેલ નથી, તેઓ ૨૦૧૫ થી એન્ડ્રોઈડ મોબાઈલ વાપરું છું અને તેમાં તેઓએ અનેક વખત સ્ક્રીનશોર્ટ પાડેલા, મોબાઈલ ઉપર આવેલા ટેક્ષ મેસેજ સ્ક્રીનશોર્ટ લેવામાં આવે તો મોકલનારનો મોબાઈલ નંબર તથા મેસેજની વિગત આવી જાય છે, તેમને જે સ્ક્રીનશોર્ટ આવેલ તે તેમના બનેવીએ તેમને મોકલેલ છે, ટેક્ષ મેસેજનો સ્કીનશોર્ટ તેમના સસરાએ તેમના બનેવીને મોકલેલ હોય તેવી કોઈ હકીકત તેમની ફરીયાદમાં જણાવેલી નથી, જયારે કોઈ ટેક્ષ મેસેજનો સ્ક્રીનશોર્ટ લેવામાં આવે ત્યારે મેસેજ કેટલા વાગે આવેલો છે તે સ્ક્રીનશોર્ટમાં દેખાય, આવો કોઈ સ્ક્રીનશોર્ટ તેમના સસરાએ તેમને મોકલેલ હોય અને તેઓએ કે તેમના સસરાએ રજુ કરેલ

હોય એવું બનેલ નથી, બનાવ સમયે તેમની સગાઈ થયેલ ન હતી, તેમને જે જગ્યાએ વાત ચાલતી હતી તે જ જગ્યાએ તેમના લગ્ન થયેલા છે, તેઓ અરજી આપ્યેથી ફરીયાદ આપ્યા સુધીમાં સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ઘણી વાર ગયેલ છું, એ વખતે તેમને તેમના સસરાના નંબરની ખબર ન હતી, તેમના બનેવીને તેમના સસરાના નંબરની ખબર હતી, જે મો.ફો. માંથી તેમના સસરાને મેસેજ આવેલો તે મો.નંબર કોના નામનો છે તેની તેમને કોઈ માહીતી ન હતી, આજદીન સુધી આ મોબાઈલ કોના નામે રજીસ્ટર છે તેની તેમને ખબર નથી, છેલ્લે તેમને સાઈબર ક્રાઈમ કઈ તારીખે જવાનું થયેલું તે  તેઓ કહી શકું નહીં, કોઈપણ સાઈબર ક્રાઈમની ફરીયાદ સાઈબર સેલમાં થાય તે બાબતે તેઓ પોલીસમાં નોકરી કરતી હોય એટલે એ બાબતે વાકેફ છે, એ વાત ખરી નથી કે, સાઈબર સેલ તેમની પોલીસની અન્ડરની હોય તેથી તેમની અરજી અને ફરીયાદમાં વધુ પડતી તપાસ કરેલી, ફરીયાદ આપી દીધા બાદ તેમને કોઈ વખત તેમના બનાવ બાબતે પોલીસને મળવાનું થયેલ નથી, તેઓ જયારે અરજી આપવા અને ફરિયાદ આપવા ગયેલ ત્યારે તેમને જયાં સંબંધ થવાનો હતો તે તથા તેમના પરીવારના નામ ઠામ પુછેલા અને લખી લીધેલા, ત્યારબાદ તેમના ઘરે કોઈ વખત પોલીસ આવેલ હોય તેવુ બનેલ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે તપાસેલ પંચ સાહેદ ઘનશ્યામભાઈ પ્રભુદાસભાઈ ઝાંઝમેરીયાએ આંક–૩૪ થી એવો પુરાવો આપેલ છે કે, તા.૨૯/૯/૨૦૨૦ ના રોજ કલાક ૪ થી ૪/૩૦ ના સમયગાળા દરમ્યાન માણાવદર પોલીસે તેઓને જયેશભાઈ મકવાણાના મોબાઈલ ફોન પર આ કામના ફરીયાદી વિરૂધ્ધ અભદ્ર ભાષામાં આરોપીએ મેસેજ કરેલ હોય જે મોબાઈલ કબજે લેવાનો હોય, પોલીસે તેમને પંચમાં રહેવા સમજ કરેલ ત્યારબાદ પોલીસે તેમના રૂબરૂ આરોપી પાસેથી એક મોબાઈલ ફોન જેની કીંમત રૂા.૧,૦૦૦/– ગણી કબજે કરેલ જે વિગતવારનુ પંચનામું પોલીસે તેમના રૂબરૂ કરેલ અને ત્યારબાદ તેઓને વાંચી સંભળાવેલ જેમાં પંચ નં.૧ તરીકે તેઓએ સહી કરેલ જે ઓળખી બતાવી આંક–૩૫ થી રજુ કરેલ છે તથા તેઓને પંચમાં રહેવા બોલાવેલ ત્યારે આ કામના ફરીયાદી તથા સાહેદ હાજર હતા તેમજ ફેરતપાસમાં સદર પંચે જણાવેલ છે કે તા.૨૯/૯/૨૦૨૦ ના રોજ તેઓ માણાવદર એકસીસ બેંકની બ્રાંચમાં ફરજ બજાવતા

હતા.

વધુમાં આરોપી તરફેની ઉલટતપાસમાં પંચ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ આઈ.સી.આઈ.સી.આઈ.બેંકમા નોકરી કરે છે, તેમની નોકરી સવારના કલાક ૯ : ૦૦ થી સાજના કલાક ૭ : ૦૦ સુધી હોય છે, તા.૨૯/૯/૨૦૨૦ ના રોજ તેઓ તેમની બેક પર ફરજ ઉપર હાજર હતા, એ વાત ખરી નથી કે મારે મારી ફરજના ભાગ રુપે બેકની બહાર કામ અર્થે જવાનુ હોય તો કાયદેસરની કોઈ રજીસ્ટરમા એન્ટ્રી કરવી પડે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓને ત્યા આવા કોઈ નીતીનીયમો નથી. સવાલ : પંચનામુ તમે લખાવેલ છે કે, પોલીસે જાતે લખી લીધેલ છે ? જવાબ : મારા લખાવ્યા પ્રમાણે પોલીસે પંચનામુ લખેલ છે, જયેશભાઈ દરજી અને મારે સારા સંબંધો છે, જયેશભાઈના કહેવાથી તેઓ પંચમા રહેવા ગયેલો, પોલીસના કોઈપણ માણસો તેમને બોલાવવા આવેલ નથી, તેમનુ રહેઠાણ માણાવદર નથી, તેઓ જુનાગઢ મુકામે રહે છે, એ વાત ખરી નથી કે પંચનામુ કરવામા આવતુ હતુ તે સમયે હુ એકલો હતો અને પોલીસના માણસો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રામભાઈ કે જેઓ પણ પંચ સાક્ષી છે તે ઉત્સવભાઈ પણ ત્યા હાજર હતા, પંચનામુ ચાલુ હતુ તે દરમ્યાન રામભાઈ અને ઉત્સવભાઈ ત્યા હાજર હતા તે મારી સરતપાસમા જણાવેલ નથી, તેઓએ સરતપાસમાં એવુ જણાવેલ નથી કે તેઓ માણાવદર એકસીસ બેંકની બ્રાચમા તા.૨૯/૯/૨૦૨૦ ના રોજ ફરજ બજાવતા હતા.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ.દીવ્યરાજસિંહ જોરૂભા ઝાલાએ ફરીયાદપક્ષે આંક–૪૩ થી એવો પુરાવો આપેલ છે કે, આ કામના ફરીયાદી ની ફરીયાદ સાઈબર ક્રાઈમ જુનાગઢમાં લેવામાં આવેલી જેની આગળની તપાસ સાઈબર ક્રાઈમના પીએસઓએ તેઓ ને સોપવાનો ડેપ્યુટ હુકમ કરેલ જે હુકમ આંક–૪૪ થી રજુ કરેલ છે. ત્યારબાદ સાઈબર ક્રાઈમના અધિકારીઓએ મો. નં.૯૫૧૨૦ ૨૩૧૯૯ અને ૯૨૫૨ ૬૦૦૬૯ નો કોલ ડીટેઈલ કઢાવી તેઓ તરફ રવાના કરેલ જે આંક–૪૫ થી રજુ કરેલ છે જેના સર્ટી.માટે તેઓએ નોડલ ઓફીસરને યાદી કરેલ જે યાદીના આધારે નોડલ ઓફીસરે ૬૫(બી)(૪–સી) મુજબનુ એવી.એકટ ૧૮૭૨ નુ સર્ટી.આપેલ જે આંક–૪૬ થી રજુ કરેલ છે બાદમાં

તેઓએ આ કામે આરોપીની અટક કરી અટક પંચનામુ કરી ગુનામાં વપરાયેલ મુદામાલ મોબાઈલ કબજે કરી મુદામાલ પરીક્ષણ માટે રવાના કરેલ જે રવાનગી પત્ર આંક–૪૭ થી રજુ કરેલ છે તથા જે સાહેદના મોબાઈલ નંબર પરથી ટેક્ષ્ટ મેસેજ કરેલ તે સાહેદનો મોબાઈલ પણ કબજે કરી મુદામાલ પરીક્ષણ અર્થે એફએસએલ, જુનાગઢને મોકલી આપેલ તથા મુદામાલ મોબાઈલના એફએસએલ અભિપ્રાય આવી જતા આંક–૪૮ થી તથા બંને મોબાઈલના ૬૫(બી)(૪–સી) સર્ટી આંક–૪૯ તથા ૫૦ થી રજુ કરેલ છે ત્યારબાદ સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લખી લીધેલ તથા આરોપીના નિવેદનો પણ તેઓએ લીધેલ અને બાદમાં આરોપી વિરૂઘ્ઘ પુરતો પુરાવો હોય, ચાર્જશીટ દાખલ કરેલ તેમ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે.

વધુમાં આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ત.ક.અ.એ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરીયાદ બાબતની મને પ્રથમ કોઈ જાણ કરવામાં આવેલ ન હતી, તેઓએ તપાસના કામે વાંધા જનક એસ.એમ.એસ.નો સ્ક્રીન શોટ મેળવેલો છે, આ કામે રજુ કરવામાં આવેલ સ્ક્રીન શોટ હાલના આરોપીના નામનો મોબાઈલ નંબર વાળો નથી, આ કામે રજુ થયેલ સ્ક્રીનશોટવાળા નંબરવાળા સાહેદની તેઓએ કોઈ તપાસ કરેલ નથી, એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદી મને કયારેય મળેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદ બાદ મળેલ છે, આ ગુન્હાની અરજી સાયબર ક્રાઈમમાં થયેલ અને પ્રાથમીક તપાસ સાયબર ક્રાઈમ પોલીસે કરેલી, તેમની સમગ્ર તપાસમાં અરજીના કામે સાયબર ક્રાઈમે કરેલી તપાસ બાબતે કોઈ પોલીસ કોન્સ્ટેબલ કે અધિકારી ના નિવેદનો તેઓએ લીધેલા નથી, આ કામના આરોપી વિરુઘ્ઘ એકમાત્ર આ સ્ક્રીનશોટ સિવાય કોઈ પુરાવો મળેલ નહીં સાહેદ જણાવે છે કે, તેઓએ આરોપીના સી.ડી.આર. તથા એસ.ડી.આર. મેળવી તેની સર્ટીફીકેટ લીધેલા જે મોબાઈલના સી. ડી. આર. મેળવેલ તે હાલના આરોપીના નામના નથી, કોઈપણ બોગસ સીમકાર્ડ કઈ દુકાનેથી અને કયા સમયે અને કોના નામે ખરીદાયેલ હોય તે તેઓ જાણી શકે છે, આવો કોઈ પત્ર તેઓએ લખેલો હોય તેવું પણ ચાર્જશીટમાં જણાવેલ નથી.

(૧૧) ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને શંકાથી પર સાબીત

કરવાની સઘળી જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલ છે અને પોતાનો કેસ પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષના પુરાવામાં કોઈ તુટી રહી જવા પામે અને તેને પરીણામે ફરીયાદપક્ષના કેસની હકીકતો બાબતે શંકા ઉદભવે તો તેનો લાભ લેવા આરોપીઓ ચોકકસપણે હકકદાર છે. આ કામે રેકર્ડ પર ફરીયાદપક્ષે હકીકતોને સાબીત કરવા માટે જે પુરાવાઓ રજુ કરેલા છે તે જોવામાં આવે તો, આ કામે ફરીયાદી ધ્વારા તેઓની ઉલટ તપાસમાં કબુલ કર્યા મુજબ પોલીસ સ્ટેશનમાં તેઓ જાણ કરવા ગયેલ ત્યારે મેસેજ જોયેલ અને આ સમગ્ર મેસેજમાં દીવ્યાબેન એટલે કે મારૂ નામ લખેલ નથી, તેઓને જે સ્ક્રીનશોટ આવેલ તે તેમના બનેવીએ મોકલેલ તથા ટેક્ષ મેસેજનો સ્ક્રીન શોટ તેમના સસરાએ તેમના બનેવીને મોકલેલ હોય તેવી કોઈ હકીકત તેમની ફરીયાદમાં જણાવેલ નથી, આવો કોઈ સ્ક્રીન શોટ તેમના સસરાએ તેમને મોકલેલ હોય અને તેઓએ કે તેમના સસરાએ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી, બનાવ સમયે તેમની સગાઈ થયેલ ન હતી તથા જે જગ્યાએ તેમની વાત ચાલતી હતી તે જગ્યાએ તેમના લગ્ન થયેલા છે, એ વખતે તેઓને તેમના સસરાના નંબરની ખબર ન હતી, જે મોબાઈલમાંથી તેમના સસરાને મેસેજ આવેલ તે મો.નંબર કોના નામનો છે તેની કોઈ માહીતી ન હતી તથા આજદિન સુધી આ મોબાઈલ કોના નામે રજીસ્ટર છે તેની તેમને ખબર નથી તેવી હકીકત નીકળી આવે છે. જયારે આંક–૨૨ થી રજુ ફરીયાદ વંચાણે લેતા, તેમાં તેઓની ઉત્સવ સાથે વેવિશાળની જે વાત ચાલતી હતી તે વાત તે લોકોએ આ ખરાબ ટેક્ષ મેસેજ ઉત્સવના પિતાના મોબાઈલમાં આવ્યા બાદ તેમની સાથે વેવિશાળ કરવાની ના પાડી દીધેલ હતી. આમ, ફરીયાદીના મૌખિક પુરાવા તથા ફરીયાદમાં વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. વધુમાં આ કામે તપાસ કરનાર અધિકારી દીવ્યરાજસિંહ જોરૂભાઈ ઝાલા તેઓની આંક–૪૩ ની જુબાનીની ઉલટ તપાસમાં આ કામે રજુ કરવામાં આવેલ સ્ક્રીન શોટ હાલના આરોપીના નામનો મોબાઈલ નંબર વાળો નથી, આ કામે રજુ થયેલ સ્ક્રીનશોટવાળા નંબરવાળા સાહેદની તેઓએ કોઈ તપાસ કરેલ નથી, આ કામના આરોપી વિરુધ્ધ એકમાત્ર આ સ્ક્રીનશોટ સિવાય કોઈ પુરાવો મળેલ નહીં સાહેદ જણાવે છે કે, તેઓએ આરોપીના સી.ડી.આર. તથા એસ.ડી.આર. મેળવી તેની સર્ટીફીકેટ લીધેલા જે મોબાઈલના સી. ડી. આર. મેળવેલ તે હાલના આરોપીના નામના નથી. આમ,

ઉપરોકત હકીકત લક્ષમાં લેતા, સામાન્ય રીતે જયારે આઈ.ટી.એટલે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લગત કોઈ કેસ હોય ત્યારે તેમાં સંડોવાયેલ વ્યકિતને લગત ટેકનીકલ પુરાવો રેકર્ડ પર હોવો જરૂરી છે જયારે હાલના કામે રજુ કરવામાં આવેલ સ્ક્રીન શોટ આરોપીના નામનો મોબાઈલ નંબરવાળો નથી કે સદર રજુ થયેલ સ્ક્રીનશોટવાળા નંબરવાળા સાહેદની તપાસ કરેલ નથી ફકત આ કામના આરોપી વિરુધ્ધ એકમાત્ર આ સ્ક્ર ીનશોટ સિવાય કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી અને જે મોબાઈલના સી.ડી.આર. મેળવેલ તે હાલના આરોપીના નામના રજુ થયેલા નથી ત્યારે હાલના ગુનાના કામે આરોપીની સંડોવણી શંકાસ્પદ બની રહે છે. જેથી આરોપીઓ વિરૂઘ્ધ શંકા રહીત સ્વતંત્ર અને સબળ પુરાવો આ અદાલત સમક્ષ રજુ થયેલ નથી, જેથી હાલના કહેવાતા બનાવમાં આરોપીનો રોલ કે આરોપીની સંડોવણી પુરવાર થતી નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોનો પુરાવો લેવામાં આવેલ નથી. પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચ સાહેદોનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો અટક પંચનામાના પંચોના જણાવ્યા મુજબ પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી હોવાનું જણાવે છે. તેવી જ રીતે મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ઘનશ્યામભાઈ પ્રભુદાસભાઈ ઝાંઝમેરીયા તેઓના આંક–૩૪ ના મૌખિક પુરાવામાં પંચનામાને સમર્થન કરે છે પરંતુ તેઓની ઉલટ તપાસમાં જયેશભાઈ દરજી તથા તેઓને સારા સબંઘો છે તથા જયેશભાઈના કહેવાથી તેઓ પંચમાં રહેવા ગયેલા તથા પોલીસના કોઈપણ માણસો તેઓને બોલાવવા આવેલ નથી. એ રીતે સદર પંચ સાહેદની ઉલટ તપાસ લક્ષમાં લેતા, મુદામાલ કબજે કર્યાનુ પંચનામું શંકાસ્પદ બની રહે છે. આમ, રેકર્ડ ઉપરની હકીકતો અને પુરાવો લક્ષમાં લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપી વિરૂઘ્ધના ફરીયાદ મુજબના મુદ્દા નં.૧ ના આક્ષેપો પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

૧) આ કામના આરોપી મુકેશભાઈ લાલજીભાઈ ઘામેચાને હાલના ઈ.પી.કો. કલમ–૫૦૦, ૫૦૯, ૨૦૧ તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી)

મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે.

૪) દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫,૦૦૦/–ના જામીનખત તથા જાતમુચરકા રજુ કરવા. આ જામીનખત તથા જાત મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

આ હુકમ આજ તારીખ : ૧૩જી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર ( અતીત મહેશકુમાર મહેતા )
તા.૧૩–૦૪–૨૦૨૬ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાવદર
Judge Code : GJ01521